સંદેશ, તા.૨૪-૦૯-૨૦૨૩, પાના નં.૦૩

### મસ્કતી ખાતે ફાઉન્ડેશનની ઊંડાઈ ૪૩ મીટર

# કાપોદ્રાથી રેલવે સ્ટેશન સુધી મેટ્રો રેલ કોરિડોરની ૪૦ ટકા કામગીરી પૂર્ણ

સુરત

સમગ્ર શહેરમાં મેટ્રો રેલ કોરિડોરની કામગીરી ચાલી રહી છે. ચોમાસા દરમિયાન મેટ્રોની કામગીરીને કારણે ઠેરઠેર રસ્તા પર ખાડા પડી ગયા છે અને રિંગરોડ સહિત મુખ્ય માર્ગો પર ટ્રાફિકની સમસ્યા ગંભીર બની રહી છે. મેટ્રોની કામગીરી માટે આડેધડ પતરાં મારી રસ્તો કોર્ડન કરી દેવાતા વાહનચાલકો હેરાન થઈ રહ્યા છે. મેટ્રોના જે રૂટ પર પિલરની કામગીરી પૂરી થઈ ગઈ હોય ત્યાં પતરાંની આડશ ખસેડી રસ્તો ખુલ્લો કરવા મેટ્રોના અધિકારીઓને જણાવવામાં આવ્યું છે.

સ્થાયી સમિતિના સભ્યોએ આજે મેટ્રો રેલ કોરિડોરના બે રૂટનો રાઉન્ડ લીધો હતો. શહેરમાં ૪૦.૩૫ કિલોમીટર લંબાઈમાં મેટ્રો રેલ કોરિડોરની કામગીરી ચાલી રહી છે. મેટ્રો રેલના બે પ્રોજેક્ટ પૈકી કાપોદ્રા થી સુરત રેલવે સ્ટેશન સુધીના રુટ પર ૪૦ ટકા અને રેલવે સ્ટેશન થી ચોક સુધીના રુટ પર ૨૬ ટકા કામગીરી પુરી થઈ છે. સુરત રેલવે સ્ટેશન પાસે લંબે હનુમાન રોડ પર મેટ્રો રેલની અન્ડરગ્રાઉન્ડ કામગીરી ચાલી રહી છે. મેટ્રો રેલ અંતર્ગત ૬.૪૭ કિલોમીટર લંબાઈમાં અન્ડરગ્રાઉન્ડ ટનલ બની રહી છે. આ ટનલમાં છ મેટ્રો સ્ટેશન બનાવવાની કામગીરી ચાલી રહી છે. મસ્કતી હોસ્પીટલ અને લાભેશ્વર ચોક પાસેના અન્ડરગ્રાઉન્ડ મેટ્રો સ્ટેશનના સ્થળે હયાત રસ્તાની ઓછી પહોળાઈને કારણે સ્ટેશન ખાસ પ્રકારની ડીઝાઈનના બની રહ્યા છે. મસ્કતી મેટ્રો સ્ટેશનના અપ અને ડાઉનના બે પ્લેટફોર્મ એક બીજા પર સ્ટેક થયા છે. આ કારણોસર અહી મેટ્રો સ્ટેશનના ફાઉન્ડેશનની ઉંડાઈ ૪૩ મીટર છે. રિંગરોડ સહિતના મુખ્ય માર્ગો પર મેટ્રોને કારણે સવાર-સાંજ પીક અવર્સમાં ચક્કાજામ થઈ રહ્યો છે. મેટ્રોની કામગીરીને કારણે લોકોને ઓછામાં ઓછી તકલીફ પડે તે મુજબ કામગીરી કરવા ચર્ચા કરવામાં આવી હતી. જોકે, મેટ્રોના અધિકારીઓએ સલામતીનું કારણ આગળ ધરી જક્કી વલણ અપનાવ્યું હતું. મેટ્રોની કામગીરી મોડી ચાલી રહી હોવા અંગે સંતોષકારક જવાબ આપવામાં આવ્યો નહોતો.